# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૨/૧૯-૨૦/૫૪૪૧–૫** **તા.૧૩–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૦/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **નકુમ કરશન વેલા વાલા** ગામ: ગોકલપર
રજૂઆત કરનાર: **અરજદાર નકુમ કરશન વેલા વાલા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **દ્વારકા**
રજૂઆત કરનાર: **નાયબ ઈજનેર શ્રી – એન.એચ.વિસાણા, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, દ્વારકા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૭-૦૮-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૭-૦૮-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :૧૦/ક્વા-૨/૧૯-૨૦ મા જણાવે છે કે, અરજદાર ગામ –ગોકળપર તા. **કલ્યાણપુર ના રે. સર્વે નં.૩૯૩ માં ખેતીવાડી હેતુનું વીજજોડાણ ની અરજી કરેલ જે અનુસંધાને ભાવપત્રક આપેલ જે રકમ જાન્યુ-૨૦૧૯ માં ભરપાઈ કરી આપેલ છે. છ માસ થવા વીજ જોડાણ અન્વયેની કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી** અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે શ્રી નકુમ કરશનભાઈ વેલાભાઇ દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગોકલપર ખાતે નવા ખેતીવાડી જોડાણ બાબત માટે રજૂઆત કરેલ. સદર અરજદારની રજૂઆત અન્વયે જણાવવાનું કે સદર અરજદાર દ્વારા ગોકલપર ગામ રે.સ.નં. ૩૯૩ વાળી જમીનમાં ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરેલ જે સબબે અરજદારનું સ્થળ સર્વે કરાવી અંદાજપત્ર ભરપાઈ કરેલ જે

ભરપાઈ કર્યા બાદ પેટા વિભાગીય કચેરી દ્વારા ઠેકેદાર શ્રી આર.પી. નકુમ કામગીરી કરાવવા માટે ગયેલ ત્યારે સર્વે કરાયેલ સ્થળે પ્રથમ કામ કરવા જતા કામમાં વાંધો પડેલ તથા પહેલા ભીમા વાલાભાઈ નકુમ દ્વારા કામ કરાવવામાં વાંધો ઉભો કરેલ તથા વાંધા ધારકે કોઈ વાંધા અરજી રજુ કરેલ ન હતી.

૩.૧ ત્યારબાદ સ્થળ પર વાંધો નિરાકરણ અર્થે ગયેલ ત્યારે ફરી બીજા નજીક ના ગ્રાહક લીરીબેન બોઘાભાઈ ના HT ટ્રાન્સફોર્મર માંથી ટેપિંગ લઇ વીજ જોડાણ કામગીરી કરવા કોન્ટ્રાક્ટરને જણાવેલ તથા તે મુજબ કોન્ટ્રાક્ટર દ્વારા કામ કરાવવા જતા ફરીથી નકુમ ભીખા વશરામ, કણજારીયા વલ્લભ ભીખા વિગેરેએ મૌખિક વાંધો લઇ કામ અટકાવેલ જે સબબે ફરી સ્થળ પર જતા વાંધો લેનાર કોઈ હાજર ન હતા તથા કોન્ટ્રાક્ટર કામ કરવા જાય ત્યારે મૌખિક વાંધો લઇ કામ અટકાવતા હતા તથા વાંધો નિરાકરણ કરવા માટે સ્થળ પર મુલાકાત પણ લેવામાં આવેલ હતી. પરંતુ વાંધો નિરાકરણ થયેલ ન હતો.

૩.૨ ઉપરોક્ત મુદ્દા નં – ૩.૦ અને ૩.૧ મુજબ ની વિગતે - ભારતીય ટેલીગ્રફી ધારા 1885 ના પાર્ટ 3 (10) (2), ભારતીય વિજધારો 1910 (12)(1)(3), વીજ અધિનિયમનધારો 1998 કલમ 42(1) અંતર્ગત પીજીવીસીએલ કંપનીની વીજલાઈનના કામમાં કોઈ આસામી દ્વારા કામમાં રુકાવટ કરવામાં આવે તો પતાવટ કે હુકમ કરવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને પ્રાપ્ત સત્તાની રુએ નામદાર દ્વારકા પ્રાંત અધિકારી સાહેબશ્રીની કચેરીમાં શ્રી નકુમ કરશનભાઈ વેલાભાઇના નવા ખેતીવાડી વીજ જોડાણની વીજ લાઈન કોઈ પ્રકારના નડતરરૂપ ન હોવા છતાં કામગીરી અટકાવવા સબબે મજકુર શ્રી ભીમાભાઇ વાલાભાઈ નકુમ, ભીખાભાઈ વશરામભાઈ નકુમ, વલ્લભભાઈ ભીમાભાઇ કણજારીયા વિરુદ્ધ કેસ ફરિયાદ પત્ર નં. BSD/RE/DMR/8717, Dt:16.07.2019 થી દાખલ કરાવેલ છે, જે અનિર્ણિત છે. તથા તેનો હુકમ મળ્યે સદર કેસમાં સુખદ સમાધાન નિકાલ થઇ શકે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી નકુમ કરશનભાઈ વેલાભાઇ દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગોકલપર ખાતે નવા ખેતીવાડી જોડાણ ગોકલપર ગામ રે.સ.નં. ૩૯૩ વાળી જમીનમાં ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરેલ જે સબબે અરજદારનું સ્થળ સર્વે કરાવી અંદાજપત્ર અપાયેલ, જે તા.૩૧–૦૧–૧૯ ના રોજ અરજદાર દ્વારા ભરપાઈ કરી આપેલ છે, જે અનુસંઘાને સામેવાળા દ્રારા વીજલાઈન ની કામગીરી કરવા બાબતે – અન્ય વ્યકિતઓએ વાંધો લીધેલ હોય, જે બાબતે સામેવાળા દ્રારા – સદર વાંધા ના નિરાકરણ માટે – ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે – કેઈસ પ્રાંત અધિકારી શ્રી દ્રારકા કચેરીમાં દાખલ છે, જે પડતર હોય નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ, સદર કેઈસના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર છે. આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, ફરીયાદી ની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |